# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૮/ક્વા-૨/૨૧-૨૨/૫૨૮૮-૬ તા.૦૯-૦૯-૨૦૨૧

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૮/ક્વા-૨/૨૧-૨૨

અરજદાર : ચેતન પી. રૂપાપરા ગામ: રાજકોટ
પેટા વિભાગીય કચેરી : કાલાવડ રોડ
રજૂઆત કરનાર : અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે પરસોત્તમભાઈ રૂપાપરા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩
રજૂઆત કરનાર : કા.વા. કાર્યપાલક ઈજનેર શ્રી એન.ડી.રૂઘાણી પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર ટેકનીકલ - શ્રી પી.એચ.માવાણી
૩) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૦૭-૦૯-૨૧ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૭-૦૯-૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ કાલાવડ રોડ પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં. ૩૯૯૧૫/૧૨૧૪૬/૬ થી શીતવન ઓર્કેડ FF-૨ SNK સામે યુનિવર્સીટી રોડ રાજકોટ ખાતે વીજજોડાણ ધરાવતા હતા. સદર વીજજોડાણમાં રહેલ સિક્યુરિટી ડીપોઝીટની રકમ વ્યાજ સાથે પરત મેળવવા માટે અરજદાર દ્વારા તા.૦૭/૧૦/૨૦૧૯ ના રોજ સલગ્ન કચેરી ખાતે અરજી કરવામાં આવેલ. જેમાં રૂ.૭૪૫૬/- ની સિક્યુરિટી ડીપોઝીટની પહોંચ, એડવાન્સ સ્ટેમ્પ રસીદ તથા રૂ.૩૦૦/- ના ઇન્ડેમનીટી બોન્ડ અસલમાં સામેલ રાખેલ હતા.

તેમજ કચેરીની સુચના મુજબ જરૂરી આધારો પણ આપેલ હતા અને જેતે કર્મચારીની સહી પણ મેળવેલ હતી. સદર અરજીના અનુસંધાને સંલગ્ન કચેરી દ્વારા કોઇપણ પ્રકારનો પ્રત્યુત્તર પાઠવેલ નથી. વધુમાં અરજદાર જણાવે છે કે તેઓ દ્વારા તા.૨૩/૦૩/૨૦૨૧ ના રોજ ફરી આધાર પુરાવાઓ સાથે પત્ર લખી રજૂઆત કરેલ છે. પરંતુ સદર બાબતે સંલગ્ન કચેરી દ્વારા હજુ સુધી કોઈ પ્રત્યુત્તર આપેલ નથી કે સિક્યુરિટી ડીપોઝીટની રકમ પણ જમા આપેલ નથી. જેથી અરજદાર દ્વારા સદર સિક્યુરિટી ડીપોઝીટની રકમ વ્યાજ સહીત પરત મેળવવા માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે કાલાવડ રોડ સબડીવીઝનના અરજદાર શ્રી ચેતન પી. રૂપાપરા ના નામે તા.૨૭.૧૨.૨૦૦૬ ના રોજ વીજ કનેક્શન નંબર-૩૯૯૧૫-૧૨૧૪૬-૬ (૬.૫ કી.વો.) થી રીલીઝ કરવામાં આવેલ હતું.

૩.૧ સદર ગ્રાહકના સદર વીજજોડાણ ના તા.૦૧.૧૦.૨૦૧૪ ના રોજ નાણા ભરપાઈ કરવાના બાકી હોવાના કારણે કાયમી ધોરણે રદ કરવામાં આવેલ. જે સમયે ગ્રાહકે કુલ રૂ.૯૧૦૩૬.૮૫ પુરા ભરવાના બાકી રહેતા હતા જે રકમ તા.૩૦.૪.૧૮ થી પુરેપુરી ભરપાઈ કરેલ.

૩.૨ ત્યારબાદ ગ્રાહક શ્રી દ્વારા અનામતની રકમ રૂ.૭૪૫૬ પુરા વ્યાજ સાથે પરત મેળવવા માટે અરજી કરેલ. જેથી અત્રેની કચેરી દ્વારા તા.૨૬.૦૮.૨૧ ના રોજ રૂ.૬૮૫૬ ચેક નંબર-૪૬૨૫૫૮ થી **RTGS** કરેલ છે. આમ, સદર અરજદારશ્રીની ફરિયાદનું સુખદ સમાધાન થયેલ છે.

## :: હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી ચેતન પી. રૂપાપરા ના નામે કાલાવડ રોડ સબડીવીઝન હેઠળ તા.૨૭.૧૨.૨૦૦૬ ના રોજ કનેક્શન નંબર- ૩૯૯૧૫-૧૨૧૪૬-૬ (૬.૫ કી.વો.) થી વીજજોડાણ રીલીઝ કરવામાં આવેલ હતું. સદર વીજજોડાણના તા.૦૧.૧૦.૨૦૧૪ ના રોજ નાણા ભરપાઈ કરવાના બાકી હોવાના કારણે કાયમી ધોરણે રદ કરવામાં આવેલ હતું. જે સમયે ગ્રાહકે કુલ રૂ.૯૧૦૩૬.૮૫ પુરા ભરવાના બાકી રહેતા હતા જે રકમ તા.૩૦.૪.૧૮ થી પુરેપુરી ભરપાઈ કરેલ.

૪.૨ અરજદાર દ્વારા ભરપાઈ કરેલ સિક્યોરીટી ડીપોઝીટની રકમ રીફંડ મેળવવા માટે કાલાવડ રોડ પેટાવિભાગીય કચેરીમાં તા.૨૩-૦૩-૨૦૨૧ ના રોજ લેખિત અરજી સાથે જરૂરી દસ્તાવેજીક પેપર્સ રજુ કરેલ હોવા છતાં સદર રકમ રીફંડ મળેલ ન હોય, અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે. ત્યારબાદ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ડીપોઝીટની રકમ રીફંડ રૂ.૬૮૫૬ તા.૨૬.૦૮.૨૧ થી ગ્રાહકના ખાતામાં ચેક નંબર-૪૬૨૫૫૮ થી **RTGS** કરેલ છે. પરંતુ, અરજદારની રજૂઆત મુજબ વિલંબિત સમયગાળાના વ્યાજની રકમ મળેલ નથી.

૪.3 નામદાર જીઈઆરસીના સિક્યોરીટી ડીપોઝીટ અંગેનું નોટીફીકેશન - નં. ૦૮/૨૦૦૫ ના પ્રકરણ – ૦૪ ના મુદ્દા નં ૪.૧૪ માં જણાવેલ જોગવાઈ નીચે મુજબ છે.

"The Licensee, on termination of the agreement by either party shall refund Security Deposit after adjustment of dues, if any within 30 days."

૪.૫ અરજદારની સદર વીજજોડાણના સિક્યોરીટી ડીપોઝીટ અંગેની અરજી તા.૦૭/૧૦/૨૦૧૯ ના રોજ સલગ્ન કચેરી ખાતે અરજી કરવામાં આવેલ હતી જેથી ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ મુજબની વિગતે તા.૦૭-૧૧-૧૯ થી

તા.૨૫.૦૮.૨૧ સુધીના સમયગાળાનું પી.જી.વી.સી.એલ.માં પ્રર્વતમાન રહેલ પ્રતિવર્ષ બેંક રેટના નિયત દર મુજબ રૂ.૬૮૫૬/- ના કુલ વ્યાજની રકમનું સુવ્યવસ્થિત ગણતરીપત્રક અને તેનો ચેક અરજદારના ખાતામાં અત્રે ના ફોરમની જાણકારી હેઠળ દિવસ- ૧૫ માં જમા કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૫ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૭ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (પી.એચ.માવાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯